# ગુજરાતી (GUJARATI)
# (207)
## (મૂલ્યાંકન પત્ર - ૧)
## (પાઠ ૧ થી ૧૦)

કુલ અંક : ૨૫

**નોંધ :** (i) બધા પ્રશ્ન અનિવાર્ય છે. અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

(ii) ઉત્તર પુસ્તિકાનાં પ્રથમ પૃષ્ઠ પર વિદ્યાર્થીનું નામ, રોલ નંબર, અધ્યયન કેંદ્રનું નામ, વિષય આદિ સ્પષ્ટ શબ્દોમાં લખો.

પ્રશ્ન-1. નીચે આપેલા સવાલોનાં જવાબ લખો. (ગમે તે બે.)

1. ગોપીઓ જશોદા માતા ને શી ફરિયાદ કરે છે? તેને જશોદા માતા શી જવાબ આપે છે તે વર્ણવો.
2. 'કોણ' કાવ્યમાં રજૂ થયેલા કુદરતના મનોહર કલ્પનાચિત્રનું વર્ણન કરો.
3. 'આને ઓગાળી દેવા કોણ મેલશે ભડકો?' કાવ્યના આધારે આ પંક્તિને સમજાવો.
4. નિરંજન ભગતે રજૂ કરેલ તડકા કાવ્યની વિશેષતા ''તડકો'' કાવ્યના આધારે કરો.

પ્રશ્ન-2. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.

1. નવલિકાનું સ્વરૂપ જણાવી 'એક પ્રશ્ન' વાર્તાના લક્ષણો જણાવો.
2. 'જીવનમાં વ્યાયામનું મહત્વ' મારી વ્યાયામ સાધના પાઠના આધારે લખો.
3. 'એક પ્રશ્ન'ના પાઠમાં આવતા પાત્રોની ઓળખ આપો.
4. દંડબેઠક વિશેના નાયકના વિચારો સ્પષ્ટ કરો.

પ્રશ્ન-3. 'ઉત્તર તરફ પ્રયાણ' પાઠમાં આપેલા ઉતરાયણ નાં પ્રતીકો મનુષ્ય જીવન સાથે કેવી રીતે જોડાયેલા છે? તે સમજાવો.

પ્રશ્ન-4. (અ) નિબંધ લખો. 'મોંઘવારી'

અથવા

(બ) વિચાર વિસ્તાર કરો.

(1) સિધ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

(2) આચાર એ પ્રચાર નું શ્રેષ્ઠ સાધન છે.

પ્રશ્ન-5. કૃષ્ણના જુદા-જુદા નામની યાદી તૈયાર કરો તેના નામ કેવી રીતે પડયાં તેને લગતાં ફોટોગ્રાફ અને માહિતી એકઠી કરો.

# ગુજરાતી (GUJARATI)
# (207)
## (મૂલ્યાંકન પત્ર - ૨)
## (પાઠ ૧૧ થી ૨૦)

કુલ અંક : ૨૫

**નોંધ :** (i) બધાજ પ્રશ્નોના જવાબ આપવા ફરજિયાત છે.

(ii) પ્રત્યેક પ્રશ્નોના ગુણ સમાન છે.

(ii) જવાબવહીના પ્રથમ પૃષ્ઠની ઊપર પોતાનુ નામ, અનુક્રમાંક નંબર, અધ્યયન કેન્દ્રનું નામ, વિષય વગેરે સ્પષ્ટ શબ્દોમાં લખો.

પ્રશ્ન-1. નીચેના પ્રશ્નો નાં ટૂંકમાં જવાબ લખો. (ગમે તે બે)

1. જમવા બેઠેલા દેવશંકરને શંકરલાલે શી ટકોર કરી? દેવશંકર પર એની શી અસર થઈ?
2. યાત્રાધામ પ્રયાગરાજનું મહત્વ સમજાવો.
3. અજ્ઞાત પંખીને શોધવા લેખકે ક્યાં-ક્યાં પ્રયત્નો કર્યા?
4. ''હુ ગૂર્જર ભારતવાસી'' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

પ્રશ્ન-2. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. નીચે આપેલા મુદાપર થી વાર્તા લેખન કરો.

   રાજા નો સેવક મિત્ર વાનર - ઊંઘી ગયેલા રાજાને પંખો નાખવો -
   માંખીનું છાતીપર બેસવું - માંખીને ઉડાડવાનો. પ્રયત્ન નિષ્ફળ -
   વાનરનો તલવાર થી પ્રહાર-રાજાના ટૂકડા મૂર્ખ સેવક-બોધ.

2. ઉનાળાની રજાઓ દરમિયાન શાળામાંથી દક્ષિણ ભારતના પ્રવાસે જવા માટે પરવાનગી અને પૈસા મંગાવવા તમારા પિતાજીને પત્ર લખો.
3. ''લાડુનું જમણ'' વાર્તાના આધારે મનુષ્યના સ્વભાવનું વર્ણન કરો.
4. ''પ્રયાગરાજ'' પાઠમા લેખકને થયેલા જુદી-જુદી જાતિઓના અનુભવોનુ વર્ણન કરો.

પ્રશ્ન-3. નીચેના છપ્પા ને સ્પષ્ટ રીતે સમજાવો.

તિલક કરતાં ત્રેપન થયાં, જપ માળાના નાકાં ગયાં તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પહોચ્યો
હરિને શરણ કથા સૂણી સૂણી ફૂટયા કાન, અખાતોયે ન આવ્યું બ્રહમજ્ઞાન

પ્રશ્ન-4.(અ) મુક્તક એટલે શું? મુક્તકની શૈલી માં ક્યાં-ક્યાં તત્વો મહત્વનાં છે?

(બ) હાઈકુનું બંધારણ જણાવી તેની ભાષાશૈલી વર્ણવો.

પ્રશ્ન-5. અભ્યાસ ક્રમમાં સમાવિષ્ટ પદ્યોમાંથી ૧૦૦ શબ્દો શોધી તેના બબ્બે પર્યાયવાચી નીં યાદી તૈયાર કરો.

# ગુજરાતી (GUJARATI)
# (207)
## (મૂલ્યાંકન પત્ર - ૩)
## (પાઠ ૨૧ થી ૩૦)

કુલ અંક : ૨૫

**નોંધ :** (i) બધાજ પ્રશ્નોના જવાબ આપવા ફરજિયાત છે.

(ii) પ્રત્યેક પ્રશ્નોના ગુણ સમાન છે.

(ii) જવાબવહીના પ્રથમ પૃષ્ઠની ઊપર પોતાનું નામ, અનુક્રમાંક નંબર, અધ્યયન કેન્દ્રનું નામ, વિષય વગેરે સ્પષ્ટ શબ્દોમાં લખો.

પ્રશ્ન-1. નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ લખો (ગમે તે બે)

1. એકાંકીનાં લક્ષણો સાથે 'સોયનું નાકું' નું મુલ્યાંકન કરો.
2. વિનુ માંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વનાં પાસાઓનાં ગુણોનો પરિચય કરાવો.
3. કવિ નર્મદના જીવન અને કવન વિશે જણાવો.
4. ''અવસાન'' કાવ્યમા નર્મદે શો સંદેશ આપ્યો છે?

પ્રશ્ન-2. નીચેના પ્રશ્નોનાં વિસ્તાર પૂર્વક જવાબ આપો.

1. 'તને જોઈ જોઈ તોય તું અજાણી' કાવ્યનો ભાવાર્થ સમજાવો.
2. 'એ લોકો' કાવ્યમાં કવિએ કહેલું સમાજનું વર્ણન લખો.
3. ફ્રેન્ચ સાહેબને શી ધુન લાગી હતી? શાથી?
4. લેખકે દર્શાવેલ મર્માળ હાસ્યકટાક્ષ વિશે ''સોઈનું નાકુ'' પાઠના આધારે નોધ લખો.

પ્રશ્ન-3. ફેરિયાનું પાત્રાલેખન કરો.

પ્રશ્ન-4.

(અ) છૂપી રીતે ભાગી જવાના પ્રસંગે ગાંધીજીનું મનોમંથન ‘કસોટી’ પાઠને આધારે લખો.

(બ) શિયાળા ની સવારનું વર્ણન ‘સૂર્યનું સેવન’ પાઠના આધારે કરો.

પ્રશ્ન-5. દોરણ-10 બોર્ડની પરીક્ષામાં સ્થાન પામેલા વિદ્યાર્થીઓના વિચારો એકઠા કરો અને એક મહિનાનું વાંચન માટે નું સમયપત્રક-ત્રણ અલગ-અલગ રીતે તૈયાર કરો.